# થેલેસેમિયા અને કેન્સરગ્રસ્ત બાળકોના ચહેરા પર સ્મિત લાવ્યાં આઈઆઈટીના સ્ટુડન્ટ્સ

## IIT ગાંધીનગર કેમ્પસમાં 40 અસરગ્રસ્ત બાળકોએ પોતાની વિશ સ્ટુડન્ટ્સ સમક્ષ મુકી



• વિવિધ એક્ટિવિટી દ્વારા સ્ટુડન્ટ્સે બાળકોના ચહેરા પર ખુશી લાવવાનો પ્રયાસ કર્યો હતો.

સિટી રિપોર્ટર @ahm_cb

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ ટેકનોલોજી (આઈઆઈટી) ગાંધીનગર ખાતે બ્લડ કેન્સર અને થેલેસેમિયા જેવી બીમારી સાથે જીવી રહી રહેલા 40 જેટલાં બાળકોનું આઈઆઈટી કેમ્પસ ખાતે વેલકમ કરવામાં આવ્યુ છે. અગામી 4 અને 5 ફેબ્રુઆરીએ આઈઆઈટીનો એન્યુલ ફેસ્ટ બ્રીથકોન આવી રહ્યો છે, ત્યારે સ્ટુડન્ટસે સોશિયલ એક્ટિવિટી દ્વારા એન્યુલ ફંકશનનું આ રીતે સેલિબ્રેશન કર્યુ હતુ. આ 40 બાળકોની ઈચ્છાઓ તેમને ગમતી એક્ટિવિટી તેમની રસના વિષયો આઈઆઈટીના સ્ટુડન્ટસે જાણ્યા હતા. વિદ્યાર્થીઓ પેઈન્ટિંગ, મિમિક્રી, કોમેડી જેવી વિવિધ એક્ટિવિટી કરીને થેલેસેમિયા અને કેન્સરગ્રસ્ત આ બાળકોના ચહેરા પર સ્મિત લાવ્યા હતા. બાળકોને આઈઆઈટી કેમ્પસની પણ વિઝિટ કરાવવામા આવી હતી.

આઈઆઈટી સ્ટુડન્ટ અદિતિ સિંઘે કહ્યું કે, 'થેલેસેમિયા અને બ્લડ કેન્સર જેવી બીમારીઓ સાથે જીવન જીવવું ખૂબ અઘરું હોય છે. આ રોગ શરીરની સાથે માણસના મનને અને ઈચ્છાઓને પણ મારી નાખે છે. આથી અમે આ 40 બાળકોને આઈઆઈટી ગાંધનગર ખાતે લાવીને તેમની ઈચ્છાઓને ફરી અમારા માધ્યમથી જીવંત કરવાનો પ્રયાસ કર્યો હતો.